# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 12 •• March, 2004

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

## જય જિનેન્દ્રના નક્કર વિચારોની જીતની પરંપરામાં એક છોગું ઓર...

# મહારાષ્ટ્ર સરકારે પણ જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કર્યા

પોતાના શિષ્યના ચારિત્રની રક્ષા ન કરી શકતા ગુરુઓ ભારતીય સંસ્કૃતિની રક્ષાના ઠેકેદારો બની બેઠા છે. જૈનોનું હિત તેમની સિવાય કોઈ સમજી શકતું જ નથી એવા વહેમમાં રહેનારા ગુરુઓ પોતાના શિષ્યોનું જ હિત સાધી શકતા નથી. તેઓ તો ન હોય તો ભારતીય સંસ્કૃતિને જાણે રંડાપો જ આવી જાય એવી ગાડાની નીચે ચાલતા પ્રાણી જેવી મનોદશા ધરાવનારા ગુરુઓ એ ભૂલી જાય છે કે તેઓ નહોતા ત્યારે પણ ભારતીય સંસ્કૃતિ તેના મિજાજ મુજબ ધબકતી જ રહી છે અને તમે નહીં હો ત્યારે પણ ધબકતી જ રહેવાની છે. ભારતીય સંસ્કૃતિ કંઈ માથું બોડેલી વિધવા નથી કે તમે હો તો જ એની રક્ષા થાય અને તમે ન હો તો એના ખેતરનું ભેલાણ થઈ જાય. ભારતીય સંસ્કૃતિ કંઈ તમારી મોહતાજ નથી! હરગીજ નથી!

*'જૈનોને ધાર્મિક લઘુમતી કહેવા એ જૈનોને હિંદુઓથી જુદા પાડવાનું કાવતરૂં છે'* એમ બરાડા પાડી પાડીને થાકી ગયેલા છતાં પોતાના 'હિડન' મિશનમાં સફળ ન થયેલા સંસ્કૃતિરક્ષાના ધજાધારીઓની સામી છાતીએ જ ભારતનાં વિભિન્ન રાજ્યોની સરકારો એક પછી એક જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપી રહી છે ત્યારે તેમનો ગરાસ લૂંટાઈ ગયો હોય તેવી અનુભૂતિ કરી રહ્યા છે! હવે તો એમને ખાતરી થઈ ગઈ હશે કે એમને એકલાને જૈન ધર્મના ઝંડાધારી કોઈ માનતું નથી!

આ અંક પ્રેસમાં જઈ રહ્યો હતો ત્યાં જ ગુજરાત કૉંગ્રેસના એક વરિષ્ઠ પદાધિકારીએ રૂબરૂમાં ખુશખબર આપ્યા કે મહારાષ્ટ્ર સરકારે જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપી દીધો છે. અલબત્ત, એમની વાતનો અસ્વીકાર કરવાનું કોઈ કારણ નહોતું. તેઓ પોતાની જવાબદારીથી સભાન છે. પરંતુ અમારો પહેલો ધર્મ સમાચારોની ખરાઈ કરવાનો છે. રાત્રે એકના ટકોરે અમને આ સમાચારની ખરાઈના સમાચાર મુંબઈ ખાતેના અમારા પ્રતિનિધિ દ્વારા મળી ગયા અને અમે આ અંકને પ્રેસમાં જતો અટકાવી દીધો, એટલું જ નહીં, અમે આ પાના ઉપર મૂકેલો આર્ટીકલ પણ તાબડતોબ ઉતારી લીધો. જય જિનેન્દ્રના બે વર્ષના ઇતિહાસમાં આ બીજી વાર બન્યું કે તેણે પોતાનો આ એડિટૉરિયલ રાતોરાત બદલી નાખવો પડ્યો હોય. અગાઉ ભૂજના દેરાસર ઉપર સરકારી હથોડા ઉગામાવાની તૈયારી થઈ ચૂકી હતી ત્યારે પણ જય જિનેન્દ્રને પોતાનો આ પાના ઉપરનો આર્ટીકલ રાતોરાત બદલવો પડ્યો હતો. જય જિનેન્દ્રને ગૌરવ છે કે ભૂજના પ્રશ્ને અમે ધનધનાવીને લખ્યું એ પછી ભૂજના ટાઉન પ્લાનિંગમાં મહત્ત્વના ફેરફારો થયા હતા. અમે સંસ્કૃતિની રક્ષાની બડાશો હાંકવામાં માનતા નથી. અમે એવો ઝંડો લઈને ફરતા પણ નથી કે અમારી સિવાય જૈનોનો કોઈ તારણહાર નથી. તેમ છતાં અમને ગૌરવ છે કે જૈન હિતની ભારોભાર સચ્ચાઈથી છલકાતી અમારી વાતોની નોંધ દિલ્હીથી લઈને ગાંધીનગર સુધીના સત્તાધીશોને – અને કોઈક જમાનામાં સત્તા અને સત્તાધારીઓની નજીક રહી ચૂકેલાઓને પણ – લેવી પડે છે, કારણ કે અમે કોઈ દિવસ એવો બફાટ નથી કરતા કે અમારે ચોવીસ કલાકમાં જ થૂંકેલું ચાટી જવાની નોબત આવે!

ભારતીય સંસ્કૃતિની રક્ષાની બડાશો હાંકે રાખનારાઓ ભૂજના દેરાસર ઉપર હથોડા ઝીંકાવાના હતા ત્યારે એક અક્ષર પણ નહોતા બોલ્યા! ભગવાન મહાવીર ઉપર માંસાહારના આક્ષેપો કરીને એલફેલ લખનાર ડેનિશ ખાનના મામલા વખતે પણ તેઓ સદંતર ચુપ રહ્યા હતા.

જય જિનેન્દ્રના ધગધગતા શાસનપ્રેમથી ઊભરાતા એડિટૉરિયલોથી સ્થાપિત હિતોની આંખોના ખૂણામાં લાલાશ અને ખુન્નસ ઊભરાય છે તે અમે સારી રીતે જાણીએ છીએ. અને સાથોસાથ અમને એ પણ ખબર છે કે અમારા અંગારા જેવા લેખો વાંચીને તેઓ દાંત કચકચાવીને હવામાં મુઠ્ઠીઓ ઉગામવા સિવાય બીજું કશું કરી પણ શકતા નથી! 'બીજું કશું' કરવું હોય તેનો નૈતિક પાયો ખૂબ જ મજબૂત જોઈએ – બડે ભૈયા!

મૂળ વાત પર પાછા ફરીએ : મહારાષ્ટ્ર સરકારે જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપી દીધો છે. આ પહેલાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાંચલ, છત્તીસગઢ વગેરે સહિત દૂરનાં અને નજીકનાં અનેક રાજ્યો આ દરજ્જો આપી ચૂક્યાં છે. જૈનોને ધાર્મિક લઘુમતી ગણવાના મુદ્દા અંગે જય જિનેન્દ્રમાં અત્યાર સુધી એટલું બધું લખાઈ ગયું છે કે અમારે એનું ફરીવાર પુનરાવર્તન કરવાનું કોઈ કારણ દેખાતું નથી.

અમે જ્યારે ભારતનાં વિભિન્ન રાજ્યોએ જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપ્યાના સમાચારો અને વિશ્લેષણો આપતા હતા ત્યારે વાંકદેખાઓ નાકનું ટીચકું ચડાવીને બબડાટ કરતા હતા કે 'હંહ, એ બધાં રાજ્યોમાં જૈનોની એટલી વસ્તી જ ક્યાં છે!' (તેઓ જ અજાણપણે અને અભાનપણે કબૂલ કરે છે કે ત્યાં જૈનોની એટલી વસ્તી નથી માટે જૈનો લઘુમતીમાં છે જ!) હવે એ બધા શું કહેવા માગે છે? મહારાષ્ટ્ર આજના

**અનુસંધાન પાન ૩ પર**

## માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતનો આવનારો ઇતિહાસ તમારા તરફથી આવી જ ઘોષણાની રાહ જોઈ રહ્યો છે

# ● ● ● કહો જોઈએ સાચું કે ખોટું? ● ● ●

જય જિનેન્દ્રના સભ્યો માટે એક અનોખી સ્પર્ધા. પેપર ભરો અને ઈનામ જીતો.

**નોંધ :** સાચા વિધાનની સામે 'રાઈટ'ની સાઈન ☑ કરવી અને ખોટા વિધાનની સામે 'રોંગ'ની સાઈન ☒ કરવી.

**સમજૂતી :** સાચા ખોટા વિધાનનો નમૂનો – ☒ પાર્શ્વનાથ બાવીસમા તીર્થંકર હતા. ☑ પાર્શ્વનાથ ત્રેવીસમા તીર્થંકર હતા.

૧. ☐ એ હતા જગતચંદ્રસૂરિ મહારાજ, જેમણે જીવનભર છએ વિગઈઓનો ત્યાગ કરી દીધો હતો. એમના ઉગ્ર તપના કારણે આપણો ગચ્છ કહેવાયો તપાગચ્છ.
૨. ☐ તીર્થંકર નામકર્મના પ્રભાવે આત્મા તીર્થંકર બને અને સિદ્ધ નામકર્મના પ્રભાવે આત્મા સિદ્ધ બને.
૩. ☐ અભવ્ય જીવ આમ તો મોક્ષે ન જ જાય પરંતુ જો તે ભવ્ય બનવાનો પ્રયત્ન કરે અને એમાં જો તે સફળ થાય તો પછી તેને મોક્ષે જવામાં કોઈ અવરોધ ન રહે.
૪. ☐ ચાર કર્મોનો આત્યંતિક ક્ષય એટલે જ મોક્ષ, બાકીનાં ચાર કર્મો તો આત્માનો મોક્ષ થાય તે પછી ખપાવતાં ક્યાં વાર લાગવાની છે!
૫. ☐ મરુદેવી માતાએ આગલા ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું અને બીજા ભવે તો તેમનો મોક્ષ પણ થઈ ગયો. અહો તેમનું કેવું સદ્‌ભાગ્ય!
૬. ☐ છેલ્લાં ૨૫૦૦ વરસના ઈતિહાસમાં એકમાત્ર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય જ એવા મહાપુરુષ થયા કે જેઓ આગામી ચોવીસીમાં તીર્થંકર બનવાના.
૭. ☐ ગૌતમસ્વામીની જેમ કોઈ કોઈ ગણધર પણ એવા પુણ્યશાળી હોય છે કે જેઓ તીર્થંકર નામકર્મના અભાવે પણ તીર્થંકરની જેમ જ તીર્થની સ્થાપના કરે છે.
૮. ☐ સિદ્ધગિરિની એક ટૂંક હસ્તિગિરિ નામે પણ છે. અહીં હસ્તી એટલે કે હાથીનો મોક્ષ થયેલો માટે તેનું નામ હસ્તિગિરિ પડી ગયું.
૯. ☐ ઉપમિતિભવપ્રપંચા કથા એટલે સિદ્ધસેનદિવાકરસૂરિની એક એવી અદ્‌ભુત રચના કે જેનો દુનિયાભરના સંસ્કૃતસાહિત્યમાં જોટો નથી.
૧૦. ☐ આપણા આજના મુનિવરોની પાટપરંપરા પ્રથમ ગણધર ગૌતમસ્વામીથી શરૂ થયેલી ગણાય છે.
૧૧. ☐ દૃષ્ટિવાદ નામના બારમા અંગસૂત્રનું પ્રકાશન પહેલી અને છેલ્લીવાર પૂ. શ્રી સાગરજી મહારાજ હસ્તે થયું તે થયું. તે પછી આજ દિન સુધી તે ફરીથી છપાયું નથી.
૧૨. ☐ વિહરમાન તીર્થંકર સીમંધર સ્વામી ભગવાનનું આયુષ્ય પણ અજિતનાથ ભગવાન જેટલું અને તેમનો શિષ્યપરિવાર પણ એટલો જ.
૧૩. ☐ વીતરાગ એટલે એ કે જેનો રાગ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો છે અને ટૂંક સમયમાં જ જેનો દ્વેષ પણ નષ્ટ થઈ જવાનો છે.
૧૪. ☐ ગોશાળાએ ભ. મહાવીર સાથે જે કર્યું તે ખરૂં, પણ છેલ્લે તેણે જે ક્ષમાપના કરી તેનાથી છેવટે તે કેવળજ્ઞાન તો પામી જ ગયો. ક્ષમાપનાનો આ જ તો મહિમા છે.
૧૫. ☐ પૂણિયો શ્રાવક કેવો મહાન! એક તો એના સામાયિકની પ્રશંસા ભ. મહાવીરે કરી અને મહાવિદેહ ક્ષેત્રમાં તેણે તીર્થંકર પદ પણ પ્રાપ્ત કરી લીધું!
૧૬. ☐ સિદ્ધગિરિનો મહિમા તો જુઓ : ભ. મહાવીરના ગણધર પુંડરીકસ્વામીએ મોક્ષે જવા આ પવિત્ર ભૂમિને જ પસંદ કરી અને તેને નામ મળી ગયું પુંડરીકગિરિ!
૧૭. ☐ ગર્ભકાળ દરમ્યાન ભગવાન મહાવીરે કરેલો કઠોર અભિગ્રહ છેવટે ચંદનબાળાના હાથે પૂરો થયો. સંકલ્પ મજબૂત હોય તો વહેલો મોડો ફળીને જ રહે છે.
૧૮. ☐ પાર્શ્વનાથ ભગવાનની કેવળજ્ઞાન ભૂમિ સમા શ્રી શંખેશ્વર મહાતીર્થનાં તો કરીએ એટલાં વખાણ ઓછાં જ.
૧૯. ☐ સંસ્કૃત ભાષાની મધુરતાનો પરિચય આપણને નવકાર મંત્રમાં મળે છે. આ મહામંત્રમાં કેવું સુંદર અને ભાવવાહી સંસ્કૃત પ્રયોજાયું છે!
૨૦. ☐ જૈન ભૂગોળના કથન મુજબ આ ભૂતલ ઉપર સૌથી છેલ્લે આવે સ્વયંભૂરમણ દ્વીપ. બસ, તેની પછી કંઈ ન આવે.
૨૧. ☐ 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'ના દશમા પર્વમાં લખાયેલું ભગવાન મહાવીરનું જીવનચરિત્ર વાંચીને ભદ્રબાહુસ્વામીની આંખોમાંથી ટપટપ પાણી ધસી આવ્યાં!
૨૨. ☐ સીમંધરસ્વામી ભ.નું સમવસરણ જો આપણને જોવા મળે તો તેમાં આ ચોવીસીના સાતમા ભગવાન સુપાર્શ્વનાથનો જીવ દેશનામાં લીન થયેલો જોવા મળે.
૨૩. ☐ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજની અમરકૃતિ સમું પુસ્તક 'પૃથ્વીતિલક' કયા વિદ્વાનનું મન ન મોહી લે!
૨૪. ☐ અપવાદરૂપ કિસ્સામાં એવું પણ બને છે કે દુનિયાનાં પાપોથી દ્રવી ઊઠીને એ પાપોના વિનાશ માટે સિદ્ધ ભગવંતોને ધરતી ઉપર અવતાર લેવો પડે છે.
૨૫. ☐ બાવીસ જિનનાં શાસનમાં શ્રાવક શ્રાવિકાઓને તો પાંચે પ્રતિક્રમણો કરવાનાં હોય છે. કારણે પ્રતિક્રમણ કરવાનો નિયમ તો માત્ર સાધુ-સાધ્વીજી માટે જ છે.

**શરતો, નિયમો અને સૂચનાઓ :** એક વ્યક્તિ ગમે તેટલી એન્ટ્રી મોકલી શકે છે, પરંતુ દરેક એન્ટ્રી સાથે જય જિનેન્દ્રમાં છપાયેલી કૂપન હોવી જરૂરી છે. ઝેરોક્સ કરીને મોકલેલી એન્ટ્રી રદબાતલ કરવામાં આવશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● તમારી એન્ટ્રી અમને તારીખ ૩૧.૩.૨૦૦૪ સુધી મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઈનામોની જાહેરાત મે, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૪ લખવું જરૂરી છે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

## જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૪ના વિજેતાને મળશે ૧૧૧૧ રૂપિયા રોકડા

જય જિનેન્દ્ર શબ્દ વૈભવ-૨ના વિજેતા : શ્રીમતી પ્રભાવતીબેન ટી. પટણી (ઉધના, સૂરત) તેમને ઈનામ રવાના કરાઈ રહ્યું છે.

### જય જિનેન્દ્ર શબ્દવૈભવ-૨નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | ર | મ | પ | દ | ■ | અ | તિ | ચા | ર |
| ર્વ | ■ | ર | તિ | ■ | અ | તિ | ■ | રિ | ■ |
| ■ | પ્રા | ણ | ત | ક | લ્પ | ■ | ગો | ત્ર | ■ |
| મિ | ■ | વિ | ■ | વિ | શ્રુ | ત | ■ | ■ | ભા |
| ■ | અ | ભ | વ્ય | ■ | તં | ■ | વૈ | રા | ગ્ય |
| ત | હ | ત્તિ | ■ | ભ | ■ | મુ | ■ | ત્રિ | ■ |
| હ | વા | ■ | મુ | ક્તા | શુ | ક્તિ | ■ | ભો | જ |
| ય | ■ | અ | મ | મ | ■ | નિ | રં | જ | ન |
| ■ | ભ | વ | તી | ર | ■ | લ | ■ | ન | ય |
| સુ | વિ | ધિ | ■ | ■ | નિ | ય | તિ | ■ | તિ |

### ● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .

નામ ______________________________

સરનામું ______________________________

______________________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________

જિલ્લો ____________________ ફોન નંબર ____________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ______________________

ઈ-મેઈલ ______________________________

ભારતનું સૌથી આધુનિક અને પ્રગતિશીલ રાજ્ય છે. ભારતભરના સૌથી વધુ જૈનો પણ મહારાષ્ટ્રમાં – અને ખાસ કરીને મુંબઈમાં – જ વસે છે. અને એમાંના પંચ્યાશી ટકા જૈનોએ મહારાષ્ટ્ર સરકારના આ પગલાને વધાવી લીધું છે. આ પગલાને ન વધાવનારા બાકીના પંદર ટકામાં ત્રણ પ્રકારના લોકોનો સમાવેશ થાય છે– ૧. કેટલાકનાં પેટ પહેલેથી રસમલાઈથી ભરેલાં છે એવા લોકો, ૨. પોતાની બુદ્ધિને ઘસારો આપવાના બદલે બીજાના ઊછીના વિચારો ઉપર જીવનારા લોકો અને ૩. સરકારના આ પગલાથી બેખબર લોકો!

૧. ભરેલા પેટવાળાને ભૂખ્યાની વેદનાનો અંદાજ ન હોય. ધારાવીની ઝૂંપડપટ્ટીમાં રહેનારા જૈનોનું પેટ બેફામ વ્યાખ્યાનબાજી કરવાથી કદી ન ભરી શકાય; ૨. વૈચારિક રીતે ગુલામ હોય એવા લોકોને ભગવાનની વાણી જ યાદ કરાવવી પડે કે *'જેનું વચન યુક્તિપૂર્વકનું હોય તેનો જ સ્વીકાર કરવો'* (સૌજન્ય : સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ); ૩. સરકારના આ કદમથી બેખબર હોય એવા લોકોનો દોષ આપણે કાઢી શકીએ નહીં.

જૈનોને ધાર્મિક લઘુમતીના દરજ્જાનો વિરોધ કરનાર ગુરુઓ પૈકી ઘણાખરા તો આજના રાજતંત્રથી જ વાકેફ નથી. આમાંના ઘણાઓને તો રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના તફાવતની યે ખબર નથી હોતી. ગણતંત્ર દિન અને સ્વતંત્રતા દિનનો ભેદ ન સમજનારા લોકો પ્રધાનમંડળોએ કેવી રીતે શાસન કરવું જોઈએ તેની શિખામણો આપવા દોડી જાય છે!

*જૈનો યાદ રાખો : આ લોકતંત્ર છે, એવું લોકતંત્ર કે જ્યાં માગ્યા વિના તો મા પણ પીરસતી નથી અને આપણે જ્યારે માગીએ છીએ ત્યારે દયાદાન નથી માગતા, આપણા હક્કનું માગીએ છીએ. શું આપણો હક્ક માગવો એ પાપ છે?*

કહે છે કે જૈનોને ધાર્મિક લઘુમતી ગણવાથી જૈન પ્રજાનું નિકંદન નીકળી જશે. ભલાદમી, જૈન પ્રજાનું નિકંદન કાઢવા તો એ લોકો બેઠા છે જેઓ જૈનોના ઉદ્ધાર માટે કરોડો રૂપિયાનું ફંડ ઉઘરાવી લઈને તેમાંનું થોડુંક 'મામકાઓ'માં વહેંચી દે છે અને બાકીના ફંડ ઉપર તેઓ ચપ્પટ બેસી જાય છે. તેઓ દેરાસરોના પૈસા ઘરભેગા કરે છે. દેરાસરોનું સોનું-ચાંદી ઉસેડી જાય છે. તેઓ જે ગુરુઓનાં તળિયાં ચાટતા ફરે છે તેમના શિષ્યો આપણી લાચાર બહેન-દીકરીઓ સાથે રંગરેલિયાં મનાવે છે. તેઓ ટોળકી બનાવીને એક મજબૂર મહિલાની ગરીબી દૂર કરવા તેને વેશ્યા બનાવવાની હદે લઈ જાય છે. આવા સેક્સી સાધુઓની દલાલી કરવામાં તેઓ જરાયે લાજતા નથી અને ઉપરથી સેક્સી અને મહાપાપી સાધુઓને બચાવવા તેઓ પોતાની વગનો ઉપયોગ કરે છે. સમાજના શકુનિઓ સામે અવાજ ઉઠાવનારાઓને ધાકધમકી આપવા માટે તેઓ મવાલી છાપ છાપેલાં કાટલાંઓને મોકલી આપે છે અને કપાળે મોટાં મોટાં ટીલાં કરીને અને ધાર્મિકતાનો અને ભોળપણનો આંચળો ઓઢીને દુનિયાની આંખમાં ધૂળ નાખતા ફરે છે.

જૈનોનું નિકંદન કોણ કાઢે છે? નાલાયક સાધુવેષધારીઓને વહાલા થવા માટે જેઓ 'અહીંની તહીં અને તહીંની અહીં' કરે છે. જેઓ ચોરને ચોરી કરવાનું કહે છે અને પોલીસને જાગતા રહેવાનું કહે છે તેઓ જૈનોનું નિકંદન કાઢે છે.

રાજ્ય શાસન દ્વારા જૈનોને ફાયદો થતો હોય તેવા કોઈ પણ કદમને *જય જિનેન્દ્ર* દિલોજાનથી આવકારે છે અને સમગ્ર ભારતના જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો મળે તે માટે *જય જિનેન્દ્ર* પોતાની ઝુંબેશ ચાલુ જ રાખવાનું છે. આ ઝુંબેશમાં સાથ આપવા ઇચ્છતા હોય તેવા નરબંકાઓનું અહીં સ્વાગત છે.

જૈનોને ધાર્મિક લઘુમતી જાહેર કરવાના મહારાષ્ટ્ર સરકારના પગલાને *જય જિનેન્દ્ર* લાખ લાખ અભિનંદન પાઠવે છે. જૈનો યાદ રાખો : આ લોકતંત્ર છે, એવું લોકતંત્ર કે જ્યાં માગ્યા વિના તો મા પણ પીરસતી નથી અને આપણે જ્યારે માગીએ છીએ ત્યારે દયાદાન નથી માગતા, આપણા હક્કનું માગીએ છીએ. શું આપણો હક્ક માગવો એ પાપ છે?

## કેવલી ફાઉન્ડેશન 'જય જિનેન્દ્ર'ની પીઠ થાબડે છે (ખાલી ખાલી નહીં હો!)

તંત્રીશ્રી,
*'જય જિનેન્દ્ર'*

*'જય જિનેન્દ્ર'* દ્વારા લેવામાં આવેલી પરીક્ષા અને તેનાં પરિણામો અને તે ઉપરનું વિસ્તૃત વિવેચન વાંચી અમે બધા બહુ આનંદિત થયા છીએ. દરેકના ચાર વિકલ્પો આપેલા, તેવા સો પ્રશ્નો – અને છતાં કોઈ પૂરા માર્ક લઈ શક્યું નહિ! તો પણ વાચકોએ જે રસપૂર્વક ભાગ લીધો તે બહુ જ સારી વાત છે. પ્રશ્નપત્ર કાઢનાર અને ૨૮૦૦થી વધુ પ્રશ્નપત્રો તપાસનાર – આ બધાંની મહેનત અને લગન અનુકરણીય છે.

શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં રસ લેવાની પ્રેરણા તમે પૂરી પાડો છો, તેની અમે હાર્દિક અનુમોદના કરીએ છીએ અને તેના પ્રતીક રૂપે આ સાથે રૂ. ૧૨,૦૦૦/=(અંકે રૂપિયા બાર હજાર પૂરા)નો ડ્રાફ્ટ મોકલીએ છીએ, જેથી શ્રુતજ્ઞાનપિપાસુઓને વધુ સંખ્યામાં ભાગ લેતા કરી શકાય, વધુ ઇનામો આપી શકાય અને *'જય જિનેન્દ્ર'*ના વાચકોની સંખ્યામાં વધારો કરી શકાય.

– ટ્રસ્ટી મંડળ,
**કેવલી ફાઉન્ડેશન** (મુંબઈ)

### ઋણ સ્વીકાર

કેવલી ફાઉન્ડેશન દ્વારા *'જય જિનેન્દ્ર'*ને મળેલા ઔદાર્યપૂર્ણ સહયોગ બદલ સંસ્થા હાર્દિક ઋણ-સ્વીકાર કરે છે. ફાઉન્ડેશનના કદરદાન અને શ્રુતપ્રેમી કાર્યવાહકોની ભાવના મુજબ આ રકમનો વિનિયોગ કરવામાં આવશે.

કાર્યવાહકો : *'જય જિનેન્દ્ર'*

*'જય જિનેન્દ્ર'* વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ ● વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. દર અંકે શ્રુતજ્ઞાન વર્ધક સ્પર્ધા, દર અંકે ઇનામ.

*'જય જિનેન્દ્ર'*નો આગામી અંક પદ્માવતી વિશેષાંક તરીકે પ્રગટ થશે.

# અમારાં બાળમિત્રો શું લખે છે?

વાસણા અમદાવાદથી મયંક રાજેન્દ્રભાઈ અને સ્મિતિ રાજેન્દ્રભાઈ લખે છે કે તેઓને *જય જિનેન્દ્ર*ની પાઠશાળા ઘણી જ ગમે છે અને તેઓ *જય જિનેન્દ્ર*ની પાઠશાળામાં મેમ્બરશિપ મેળવવા માગે છે તો તેમણે કેટલું લવાજમ ભરવું પડે અને તે ક્યાં મોકલવું પડે?

આ બાળદોસ્તોને માલુમ થાય કે *જય જિનેન્દ્ર*ની પાઠશાળામાં મેમ્બરશિપ મેળવવા માટે કોઈ જ લવાજમ ભરવાનું હોતું નથી પરંતુ *જય જિનેન્દ્ર* ઘેર બેઠાં મેળવવું હોય તો એક સો રૂપિયાનું લવાજમ ભરીને કાર્યાલયને મોકલવાનું હોય છે. *જય જિનેન્દ્ર*ની પાઠશાળા તો તમામ બાળકો માટે ફ્રી છે.

એક બાળદોસ્ત સુરેશ પી. શાહ (બાપુનગર, અમદાવાદ) ફરિયાદ કરે છે કે મેં તમને જૉક લખી મોકલી હતી તે તમે કેમ છાપી નહીં? ભઈલા, તારી જૉક અમને મળી છે અને અમે તેને આ અંકમાં સ્થાન આપ્યું છે. જો ભઈલા, અમારી ઉપર ઘણા બધા પત્રો આવતા હોય ને, તેથી અમે અમને મળતી સામગ્રી મળતાંની સાથે તરત પ્રકાશિત ન પણ કરી શકીએ.

થાણાથી મૌલેશ જે. શાહ લખે છે કે તેણે એકવાર *જય જિનેન્દ્ર*ના એક અંકમાં ખલિલ જિબ્રાનનું સુવાક્ય વાંચ્યું હતું. મૌલેશ એ જાણવા માગે છે કે આ સુવાક્ય શેમાંથી લેવામાં આવ્યું હતું?

મૌલેશને માલુમ થાય કે તારો વાંચનરસ જાણીને અમે ઘણા જ રાજી થયા છીએ. ખલિલ જિબ્રાનનું સુવાક્ય અમે Sand and foam નામના તેમના પુસ્તકમાંથી લીધું હતું.

પાલેજથી શ્રદ્ધા અજિતભાઈ શાહનો પત્ર છે. તે લખે છે કે તે નિયમિત પાઠશાળાએ જાય છે. તેની પાઠશાળાનું નામ હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર છે. શ્રદ્ધાએ શરીરની સારવારના બે મજાના નુસ્ખા લખી મોકલ્યા છે.

પાલેજથી જ નેહા કિરીટકુમાર શાહ લખે છે કે તે નિયમિત પાઠશાળાએ જાય છે. તેની પાઠશાળાનું નામ શ્રદ્ધાના પત્રમાં આવી ગયું છે. નેહાએ મોકલેલો કોયડો અને સુવાક્ય આ અંકમાં જ પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

પાલડી અમદાવાદથી ઋજવી પ્રણવકુમાર જણાવે છે કે તેની શાળાનો સમય સવારનો હોવાથી તે સાધ્વીજી મહારાજ પાસે અભ્યાસ કરે છે. ઋજવીને જણાવવાનું કે સાધુ-સાધ્વીજી પાસે કરાયેલો અભ્યાસ વધારે નક્કર હોય છે. પાઠશાળાઓની પદ્ધતિ તો પાછળથી અમલમાં આવી, પહેલાં તો આપણા વડવાઓ ગુરુ ભગવંતો પાસે જ ભણતા હતા. પૂજ્ય ગુરુ ભગવંતો આપણને જે ગાથા કરાવે તેમાં ઉચ્ચારશુદ્ધિ ઉપર તેઓ ખૂબ ભાર મૂકતા હોય છે અને તે લાંબે ગાળે ખૂબ લાભદાયક થાય છે.

શ્રદ્ધા, નેહા અને ઋજવી શું ધાર્મિક અભ્યાસ કરે છે જાણવું અમારા બાળદોસ્તોને ખૂબ જ ગમશે.

એક ખૂબ સરસ પત્ર આવ્યો છે અર્પણનો. કોલકાતાનો અર્પણ લખે છે તે ધ્યાનથી વાંચવા જેવું છે. તે કહે છે કે –

અમારા ઘરમાં WEL COME લખેલું પગલૂછણિયું હતું. અમે તો વરસોથી આવા પગ-લૂછણિયાનો ઉપયોગ કરતા હતા. *જય જિનેન્દ્ર*માં આવું પગલૂછણિયું ન વાપરવું જોઈએ તે વાંચ્યા પછી અમારા ઘરમાંથી અમે આવું પગલૂછણિયું તરત જ દૂર કરેલ છે. અક્ષર પણ જ્ઞાન છે અને તેને પગ નીચે આવવા ન જ દેવાય એ બાબત અમને *જય જિનેન્દ્ર*માંથી શીખવા મળી. અમને આવી રીતે નવું નવું જ્ઞાન મળ્યા કરે તેવી વધારે વિગતો *જય જિનેન્દ્ર*ની પાઠશાળામાં આપવા વિનંતી. પ્રિય બાળદોસ્તો, આપણે આપણી પાઠશાળા તરફથી અર્પણને ધન્યવાદ આપશું ને?

## સાવધાન બાળદોસ્તો

પ્રિય બાળદોસ્તો,

તમે *જય જિનેન્દ્ર*ની પાઠશાળામાં પ્રકાશિત કરવા માટે કોઈ સામગ્રી મોકલો ત્યારે એ ખાસ યાદ રાખશો કે એ સામગ્રી તમે જાતે મહેનત કરીને લખી હોય. કોઈ સામયિકમાં કે બાળકો માટેનાં મેગેઝિનમાં કોઈ વાર્તા વાંચી હોય તો સીધેસીધી તમારા નામે લખીને ન મોકલશો. તમે તો ભવિષ્યના ભારતના મહાન નાગરિકો બનવાના છો, તેથી ભલે ગમે ત્યાં ગમે તે વાંચો પણ લખતી વખતે તો તમે તદ્દન નવેસરથી તમારી ભાષામાં જ લખશો. પોતાની પ્રતિભાને ખીલવવા માટે પણ એમ કરવું જરૂરી છે. આથી જ અમે ગવૈયાવાળી વાર્તા મોકલનાર બાળદોસ્તની વાર્તા પ્રગટ કરી નથી. ગવૈયાવાળી વાર્તા મોકલનાર બાળ દોસ્તને જણાવવાનું કે અમે તારા પોતાના શબ્દોમાં લખાયેલી મૌલિક સામગ્રીની રાહ જોઈ રહ્યા છીએ.

ઝેરનું એક બુંદ જેમ આખા સરોવરને ઝેરી બનાવી દે છે તેમ એક ખોટો મિત્ર આખા જીવનને ઝેર જેવું બનાવી દે છે.

**– નેહા કિરીટકુમાર શાહ**

સાચો મિત્ર એ છે જે દુઃખમાં પડછાયાની જેમ સાથે ને સાથે જ રહે છે. સુખમાં તે ભલે ગમે ત્યાં જ કેમ ન હોય.

**– વીરેન્દ્ર સી. શાહ**
(નવરંગપુરા, અમદાવાદ)

## કોયડો

રાત્રે એકદમ લાઇટો બંધ થઈ ગઈ. તમારી પાસે ફાનસ છે, મીણબત્તી છે અને ભગવાન પાસે કરવાની દીવી પણ છે, તો તમે સૌથી પહેલું શું સળગાવશો? જવાબ આ અંકમાં જ ક્યાંક છુપાયેલો છે.

**– નેહા કિરીટકુમાર શાહ** (પાલેજ)

## મલક મલક

બે બહેરા કાકા રસ્તામાં ભેગા થઈ ગયા. એક કાકાએ બીજા કાકાને પૂછ્યું : શું તમે શાક લેવા જાઓ છો? તો બીજા કાકા કહે : ના રે ના, હું તો શાક લેવા જાઉં છું. તો પહેલા કાકાએ કહ્યું કે ઠીક, મને તો એમ કે તમે શાક લેવા જતા હશો.

**– સુરેશ પી. શાહ** (બાપુનગર)

## ગયા અંકના જવાબો

'*જય જિનેન્દ્ર*'ની પાઠશાળામાં ગયા અંકમાં પૂછવામાં આવેલા સવાલોના જવાબો નીચે મુજબ છે :

૧. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ધંધુકાના રહેવાસી હતા.
૨. તેમનું સંસારી નામ ચાંગદેવ હતું.
૩. તેમનાં માતુશ્રી પાહિનીદેવી હતાં.
૪. તેમના ગુરુજીનું નામ દેવચંદ્રસૂરિ મહારાજ હતું.
૫. પાંચમા સવાલ તરીકે તેમણે લખેલા ગ્રંથો પૈકી ત્રણનાં નામો મોકલવાનું જણાવાયું હતું તેમાં જુદા જુદા વાચકોએ જુદાં જુદાં નામો લખી મોકલ્યાં છે. એકાદ અપવાદને બાદ કરતાં મોટા ભાગનાં બાળકો અને પ્રબુદ્ધ વાચકોએ લખી મોકલેલાં ગ્રંથનામો સાચાં છે. અમને મળેલી યાદીનો સમન્વય કરીએ તો આટલાં નામો બને છે :

૧. દ્વયાશ્રય કાવ્ય
૨. સિદ્ધહૈમ વ્યાકરણ
૩. યોગશાસ્ત્ર
૪. ત્રિષષ્ટિ-શલાકા-પુરુષ ચરિત્ર
૫. વીતરાગ સ્તવ
૬. અભિધાન ચિંતામણિ
૭. દ્વિજવદન ચપેટિકા

●

## આ સહુએ મોકલ્યા છે સાચા જવાબો :

રેણુકાબેન અશોકકુમાર શાહ (પાલડી, અમદાવાદ), રાજવી રાજીવભાઈ ચાલીસહજાર (પાલડી, અમદાવાદ), ઋજવી પ્રણવકુમાર ચાલીસહજાર (પાલડી, અમદાવાદ), નેહા કિરીટકુમાર શાહ (પાલેજ), શ્રદ્ધા અજિતભાઈ શાહ (પાલેજ), ડોનિકા હર્ષદકુમાર શાહ (પાલેજ), સુરેશકુમાર પી. શાહ (બાપુનગર, અમદાવાદ), મૌલેશ જે. શાહ (થાણા)

## આ અંકના પ્રશ્નો

૧. પ્રથમ ગણધર ગૌતમસ્વામીનું નામ તો ઇન્દ્રભૂતિ હતું. તો પછી તેઓ ગૌતમસ્વામી શાથી કહેવાતા હતા?

૨. યાકિનીપુત્ર તરીકે કયા આચાર્ય મહારાજ ઓળખાતા હતા?

૩. સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજનું મુનિ અવસ્થામાં શું નામ હતું?

૪. સુવિધિનાથ ભગવાનનું બીજું નામ શું છે?

૫. ચંદનબાળાનું ખરૂં નામ શું હતું?

જવાબો મોકલવાની છેલ્લી તારીખ ૨૦ માર્ચ, ૨૦૦૪ છે.

આપના જવાબો અહીં રવાના કરો :
'જય જિનેન્દ્રની પાઠશાળા'
જય જિનેન્દ્ર કાર્યાલય,
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧

જય જિનેન્દ્રની પાઠશાળા માટે સામગ્રી મોકલનારાં બાળકોને ખાસ વિનંતી કે તેઓ કવર ઉપર 'જય જિનેન્દ્રની પાઠશાળા' એમ અવશ્ય લખે.

•

## અજમાવી જુઓ

- સૂંઠનું ચૂર્ણ ગરમ પાણી સાથે ફાકવાથી કમ્મરનો દુખાવો મટી જાય છે.
- તાજી મોળી છાશ પીવાથી મોંનાં ચાંદાં મટે છે.

– **શ્રદ્ધા અજિતભાઈ શાહ** (પાલેજ)

•

કોયડાનો જવાબ : દિવાસળી

આ અંકમાં અમે સંયોગોવશ કુ. ચૈતાલી શાહનું 'સ્થાપત્ય દર્શન' સમાવી શક્યા નથી. જે આગામી અંકમાં સમાવી લેવામાં આવશે.

– **તંત્રી**

જય જિનેન્દ્ર
**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**
વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા.

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન (૩)

## પારિભાષિક જૈન શબ્દોનો અર્થ

**ભવ[1]**=જન્મ-મરણની પરંપરા, સંસાર.

**ભવ[2]**=ચાર પૈકીની કોઈ એક ગતિ.

**ભવી**=જેનો મોક્ષ થઈ શકે તેવો આત્મા, આઠે કર્મોનાં બંધનને તોડી શકે તેવો આત્મા.

**ભવ્ય**=ઉપર મુજબ.

**અભવી**=જેનો મોક્ષ ન થઈ શકે તેવો આત્મા.

**અભવ્ય**=ઉપર મુજબ.

**દુર્ભવી**=ભવ્ય ખરો પણ મોક્ષ મેળવવાની હજી જેને ઘણીવાર છે એવો, ઉપરાંત મોક્ષની સામગ્રી વારંવાર મળે છતાં પ્રમાદમાં તેને વેડફી નાખે એવો આત્મા. મોક્ષે જવાની લાયકાતવાળો ખરો, પરંતુ જલદી મોક્ષની રુચિ ન થાય તેવો આત્મા.

**દુર્ભવ્ય**=ઉપર મુજબ.

**જાતિભવ્ય**=જેને મોક્ષની સામગ્રી ન મળી શકે તેવો આત્મા.

પ્રશ્ન : અભવ્યમાં અને જાતિભવ્યમાં શો ફેર છે?

ઉત્તર : અભવ્યને મોક્ષની સામગ્રી તો મળે છે, તેમ છતાં તેનો મોક્ષ થઈ શકતો નથી, કેમકે તેને મોક્ષની શ્રદ્ધા જ હોતી નથી. જાતિભવ્ય આત્મા કદી માનવજન્મ મેળવી શકતો નથી તેથી તેને મોક્ષ મેળવવા માટે જોઈતી સામગ્રી મળી શકતી નથી.

પ્રશ્ન : આપણે ભવ્ય છીએ, અભવ્ય છીએ કે જાતિભવ્ય છીએ તે કેવી રીતે નક્કી થાય?

ઉત્તર : આપણને આવો પ્રશ્ન જાગ્યો એનો અર્થ જ એ કે આપણે ભવ્ય છીએ! શું કોઈ પશુને કોઈ દિવસ એવો પ્રશ્ન થાય ખરો કે તે માણસ છે કે પશુ? ન જ થાય. એ જ રીતે અભવ્યને પણ એવો પ્રશ્ન ન થાય કે તે ભવ્ય છે કે અભવ્ય! ભવ્યત્વ અંગે પ્રશ્ન જાગે એ જ ભવ્યત્વની નિશાની છે. બીજી વાત એ કે આપણે જાતિભવ્ય એટલા માટે નથી કે આપણને માનવજન્મ મળી શક્યો છે.

પ્રશ્ન : અભવ્યનો મોક્ષ ન થવાનો હોય અથવા તેને મોક્ષની શ્રદ્ધા ન હોય તો પછી તેને મોક્ષની સામગ્રી મળે કે ન મળે એનાથી શો ફાયદો?

ઉત્તર : અભવ્યને મોક્ષની શ્રદ્ધા નથી તે ખરૂં, પરંતુ તેને સ્વર્ગનાં સુખોની કામના તો હોય છે. આથી તે એમ વિચાર કરે કે 'લાવને થોડો ધર્મ કરી લઉં, સ્વર્ગ તો મળશે!' આમ તે સ્વર્ગ અને અન્ય ભૌતિક સુખોની કામનાથી ધર્મ કરવા અથવા તો ચારિત્રનાં કષ્ટો વેઠવા તૈયાર થાય છે. આમ મોક્ષની સામગ્રીનો તે ભૌતિક ફાયદો ઉઠાવે છે.

# જૈન ધર્મની વિચારસરણી (૩)

## જૈન થિયરીને સમજો અને ગેરસમજ ટાળો

પાંચમ, આઠમ, ચૌદસ વગેરે પર્વતિથિએ લીલોતરી ન વાપરવાની ભાવનાવાળા (અને નિયમવાળા) કેટલાક લોકો પહેલેથી લીલોતરીને સૂકવી દઈને તેને સૂકોતરી(!) બનાવી દઈને પછી પર્વના દિવસોમાં તેનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિનો ઘણો મોટો પ્રચાર આપણા સમાજમાં દેખાય છે. આ બાબત વિચારણા માગી લે છે. આ રીત વાજબી ન ગણાય. કારણ કે પર્વના દિવસે ન કરવાનો આરંભ પર્વના નિમિત્તે પહેલાં થઈ તો ગયો જ. વળી પર્વના દિવસે આરંભ ન કરવા ઉપરાંત સ્વાદના વિજયનો હેતુ પણ સમાયેલો છે એ ન ભૂલવું જોઈએ. આગળથી સૂકોતરી તૈયાર કરીને પછી 'તે લીલોતરી નથી' એમ સમજીને વાપરવામાં 'લીલોતરીના સ્વાદ વિના ચાલતું નથી' એ પ્રચ્છન્ન મનોભાવ ભાગ ભજવે જ છે. વળી આ એક પ્રકારની આત્મવંચના પણ છે.

'ઇસમેં ભી મૂત નહીં હૈ' એમ કહીને પેશાબવાળા મૂળા ખાનારા માણસ જેવો આ ઘાટ છે. મૂળા ખાવા પણ છે અને તે પેશાબવાળા નથી તેમ મનને મનાવવું પણ છે! લીલોતરી ખાવી પણ છે અને એ લીલોતરી નથી એમ મનને મનાવવું પણ છે.

પર્વતિથિ નિમિત્તે પહેલેથી આરંભ કરી લેવામાં 'પૂર્વકર્મ' નામનો દોષ લાગે છે. વિચારશીલ જૈનોએ આ દિશામાં નવેસરથી તાર્કિક રીતે વિચાર કરવાની જરૂર છે.

# જૈન અજૈન દરેકને ભાવભીની વિનંતી

આપનાં ઘરોમાં કોઈ સંસ્કારી મેગેઝિનો આવતાં હોય તો કૃપા કરીને બે-ચાર રૂપિયાની લાલચમાં પસ્તીમાં કાઢી નાખશો નહીં, પરંતુ તે સાહિત્ય જય જિનેન્દ્ર કાર્યાલયને ભેટ રૂપે મોકલી આપશો. અમારા કાર્યાલય દ્વારા, પામતા પહોંચતા ન હોય તેવા સેંકડો વૃદ્ધજનોને નવરાશની પળોમાં વાંચવા લાયક સાહિત્ય વિના મૂલ્યે આપવામાં આવે છે. અમે આપની દ્વારા મોકલાયેલાં સંસ્કારી મેગેઝિનો એ વૃદ્ધજનોને વાંચવા આપીશું. આપને એ વૃદ્ધજનોના મૂંગા આશીર્વાદ મળશે અને એમનો સમય સારી પ્રવૃત્તિમાં વીતે એ માટે આપ અજાણપણે નિમિત્તરૂપ બની રહેશો અને તે રીતે એક વિશિષ્ટ પુણ્યના ભાગીદાર પણ બની શકશો.

# જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલ ‘જૈન ધર્મનું જનરલ નૉલેજ’ પરીક્ષામાં ભાગ લેનારા પરીક્ષાર્થીઓનું સંવેદન

જૈન ધર્મનું જનરલ નૉલેજ પરીક્ષા દ્વારા અમને ઘણું જાણવા મળ્યું. સૌથી વિશેષ તો એ જાણવા મળ્યું કે હકીકતે અમે કંઈ નહોતા જાણતા, છતાં ખૂબ જાણકાર હોવાના ભ્રમમાં હતા! આ ભ્રમ ભાંગ્યો તે અમારી માટે આ પરીક્ષાનું સૌથી જમા પાસું રહ્યું. ઉત્તરો મોકલી આપવા માટે સવા મહિના જેટલો લાંબો ગાળો, ગુરુવર્યોને પૂછવાની છૂટ અને પુસ્તકોમાં જોવાની છૂટ હોવા છતાં સો ટકા રિઝલ્ટ ન લાવી શકાય તે આપણા સમાજ માટે ઘણું બધું કહી જાય છે.

– **શશાંક ધામાણી** (થલતેજ, અમદાવાદ)

આ પરીક્ષા મારી માટે એટલા માટે યાદગાર બની રહી કે આ પરીક્ષામાં ભાગ લેવા દ્વારા મારી પામરતાનો સ્પષ્ટ અહેસાસ થયો. સમ્મેતશિખરની યાત્રા કરવા કરતાં ય આ કાર્ય વધુ અઘરૂં પૂરવાર થયું. આવી પરીક્ષાઓ વારંવાર લેવાય તેમ કરવું જોઈએ.

– **મનોજભાઈ પી. શાહ** (વાસણા, અમદાવાદ)

બંપર ઇનામ જીતીને શિખરજીની યાત્રા કરવાની હોંશ મનમાં જ રહી ગઈ. પહેલી નજરે સરળ દેખાતું પ્રશ્નપત્ર હકીકતે ડગલે ને પગલે ‘જાગતા રહેવું પડે’ એવું રહ્યું.

– **મનસુખલાલ આર. ગાંધી** (નવરંગપુરા, અમદાવાદ)

અમારા દેરાસરમાં પરીક્ષાની જાહેરાતનું બોર્ડ વાંચીને પહેલાં તો એમ જ થયું કે સો સવાલોના જવાબો આપીને સમ્મેતશિખરની યાત્રાનું ઇનામ જીતવું એમાં શી મોટી વાત! પરંતુ પેપર ભરવા બેઠા ત્યારે ખબર પડી કે પરીક્ષા કોને કહેવાય! અત્યાર સુધી ઘણી ધાર્મિક પરીક્ષાઓ આપી છે અને એકથી ત્રણમાં મારો નંબર આવ્યો છે. આ પહેલીવાર એવું બન્યું કે પહેલા સાંઈઠમાં ય મારો નંબર ન આવ્યો. પાસ થયા એટલું ગનીમત! આવી પરીક્ષાઓ ખરેખર આપણા જ્ઞાનની કસોટી કરે છે. બીજીવાર પરીક્ષા લેવાય તો એમાં ભાગ લેવો છે.

– **તેજસ વી. શાહ** (મણિનગર, અમદાવાદ)

સળંગ એક મહિનો મથામણ કરી. ચાલીસ જેટલાં પુસ્તકો ઉથલાવ્યાં. બે-ચાર મહારાજ સાહેબોની મદદ લીધી ત્યારે માંડ પંચોતેર માર્ક્સ સુધી પહોંચ્યા. ચાર તૈયાર જવાબોમાંથી કોઈ એક જવાબ શોધવો જો આવો આકરો પડે તો બીજી પરીક્ષાઓનું તો પૂછવું જ શું? ખરેખર આ પેપરે અમને શબ્દાર્થમાં અને ભાવાર્થમાં ‘ઉજાગરા’ કરાવ્યા. પેપર કાઢનાર મહારાજ સાહેબને હજાર હજાર ધન્યવાદ આપવા જ પડે.

– **રમણલાલ ચુનીલાલ પારેખ** (ખાર, મુંબઈ)

ભેજાનું દહીં કરાવે એવું પેપર. જે જે મહારાજ સાહેબોની મદદ લેવા ગયા (એવી છૂટ આપેલી હતી માટે) તે તે મહારાજ સાહેબો પણ પેપર જોઈને માથું ખંજવાળતા હતા, તો અમારો તો શો ક્લાસ! શિખરજીની યાત્રા તો એક બાજુ રહી, પાસ થવાના ફાંફા પડી ગયા!

– **પન્નાબેન આર. શાહ** (પરિમલ ગાર્ડન, અમદાવાદ)

મેં પૂજ્ય ગુરુદેવ શ્રી ચંદ્રશેખર મહારાજ સાહેબની અનેક પરીક્ષાઓ આપી છે પણ આ પેપર તો અલગ જ ભાત પાડનારૂં હતું. પેપર સોલ્વ કરતાં ધોળા દિવસે તારા દેખાઈ ગયા!

– **પ્રતિમા સી. શાહ** (થલતેજ, અમદાવાદ)

‘જૈન ધર્મનું જનરલ નૉલેજ’ પરીક્ષા ખરેખર અદ્‌ભુત રહી. આ નિમિત્તે સ્વાધ્યાય કરવાની જે તક મળી તે ખૂબ મહત્ત્વની બાબત છે. આવાં નિમિત્તો ન હોય તો પુસ્તકો વાંચવા વગેરેમાં ખરેખર પ્રમાદ રહે છે. એ પ્રમાદને દૂર કરવા માટે અવારનવાર આવાં આયોજનો થયા જ કરવાં જોઈએ.

– **પલ્લવ રાજેન્દ્રભાઈ** (ચેન્નાઈ)

**તંત્રીની નોંધ :** પ્રધાન સૂર લગભગ એક સરખો છે એવા પત્રો અમને અગણિત સંખ્યામાં મળ્યા છે. દરેકનો સમાવેશ શક્ય નથી પરંતુ આ પૃષ્ઠની મર્યાદામાં રહીને શક્ય એટલાં નામો અહીં આપીએ છીએ. આ બધા પરીક્ષાર્થીઓ લખે છે કે –

*“આ પરીક્ષા બહુ સુંદર હતી, આ પરીક્ષાના કારણે ઘણાં જ પુસ્તકો વાંચવાનો અવસર મળ્યો. એટલો સમય સુંદર ધર્મધ્યાનમાં વ્યતીત થયો. આવી પરીક્ષાઓ વારંવાર લેવી જોઈએ.”* લગભગ આ પ્રકારનું સંવેદન પાઠવનારા પત્રલેખકો છે : જામનગરથી ભૂમિતભાઈ મારૂ, કુમુદબેન વસા, નરેન્દ્રભાઈ દોઢિયા. મુંબઈથી એન. આર. કંસારા, બી. જે. શાહ, નીરજ પી. શાહ, અર્ચના ઝેડ. પારેખ, કોકિલાબેન શાહ, પ્રભાબેન શાહ, વીરબાળાબેન જે. શાહ, અરવિંદાબેન શાહ, પૂરણચંદ સાલેચા, નવનીતભાઈ કોઠારી, શશિકાન્ત શાહ. સાબરમતીથી પ્રભુલાલ પી. શાહ, ઇલાબેન દોશી, રંજનબેન શાહ, કોકિલાબેન શેઠ, ઈશ્વરલાલ વાય. શાહ. વાસણાથી મનુભાઈ મૂળચંદ, માલવિકા શાહ, પ્રકાશ શાહ, રાજેન્દ્ર શાહ, અપૂર્વ શાહ. કલકત્તાથી અશોકભાઈ શાહ. દિલ્હીથી પી. પી. દેસાઈ. પાલડીથી પ્રેમકુમાર જૈન, અજિતભાઈ શાહ, નિરંજનાબેન પારેખ, ધીરજબેન શાહ, શ્રીયકભાઈ શાહ, ભરતભાઈ શાહ, કીર્તિભાઈ કે. શાહ, સંભવ રાજેશકુમાર, ઉર્વીબેન કે. શાહ, પરાગ કોઠારી, અજયભાઈ. જયપુરથી મોહનરાજજી પરમાર. જોધપુરથી પ્રકાશચંદ્ર. શિવગંજથી અંસીબાઈ પાલરેચા, ગિરીશ જૈન. બોરસદથી અશોકભાઈ. ખેડાથી રાજેશકુમાર. પાલનપુરથી રાજમલભાઈ. સૂરતથી કલ્પનાબેન ગાંધી, માલાબેન ગાંધી, ઉત્તમચંદ શાહ. અંજારથી જયકાન્તભાઈ, ભૂજથી વિનોદભાઈ શાહ. ભાવનગરથી ગોપાળજીભાઈ, સંગીતા, અરવિંદકુમાર. જૂનાગઢથી પ્રકાશભાઈ શાહ. અમલનેરથી પન્નાબેન શહા. વલસાડથી જયેન્દ્રભાઈ. વાપીથી પરેશભાઈ સોની. રખિયાલથી ઇંદિરાબેન શાહ. રાજકોટથી કંચનબેન ગાંધી, રૂપાબેન શાહ વગેરે વગેરે.

*હાઈએસ્ટ માર્ક્સ મેળવનારા અવનિબેન (૯૬ માર્ક્સ) અને રાજેશભાઈ (૯૪ માર્ક્સ) લખે છે...*

જીવનમાં પ્રથમવાર જ ધાર્મિક પરીક્ષા આપી. પેપર જ એવું હતું કે પરીક્ષામાં ભાગ લેવાનું મન થઈ જ જાય. બહુ જ સાવધાનીપૂર્વક પેપર ભરવું પડે એવા પ્રશ્નો હતા. અનેક પુસ્તકોની મદદ લીધી. જો કે શિખરજીની યાત્રા માટે ચાર માર્ક્સનું છેટું તો રહી જ ગયું. જીવનની પ્રથમ જ પરીક્ષામાં ઇનામ રૂપે મળેલું શ્રી લક્ષ્મીયંત્ર અને પદ્માવતી માતાનો ફોટો ખરેખર અદ્‌ભુત છે. આ પરીક્ષા એ એક યાદગાર પ્રસંગ હતો.

– **અવનિબેન અવિનાશભાઈ** (નવરંગપુરા, અમદાવાદ)

મારા મિત્ર પાસે આ પરીક્ષાનું પેપર જોયું અને મને પણ મન થઈ ગયું કે ચાલો જૈન ધર્મના જનરલ નૉલેજની પરીક્ષા આપીએ. જો કે કપરી મહેનત પછી પણ સો માર્ક્સ ન લાવી શકાયા તેનો થોડો અફસોસ રહ્યો. પણ એ તો ચાલ્યા કરે, સ્વાધ્યાય કરવાની અમૂલ્ય તક મળી એ જ સૌથી મોટો લાભ થયો ગણાય. ઇનામરૂપે મળેલ લક્ષ્મીધારા યંત્ર અને માતાજીનો ફોટો બહુ ગમ્યાં. ફોટો તો અતિ ભવ્ય છે. આવી પરીક્ષાઓ વારંવાર લેતા રહેશો તો ફરીથી જરૂર ભાગ લેવા વિચાર છે.

– **રાજેશ પી. કોઠારી** (પાર્લા, મુંબઈ)

*અવનિબેને જીવનમાં પ્રથમવાર જ ધાર્મિક પરીક્ષા આપી અને સૌથી વધુ માર્ક્સ લાવવા ભાગ્યશાળી નીવડ્યાં!*

● પૂજનીય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે ઉત્તરાધ્યયન સૂત્ર પર કરેલાં પ્રવચનોનો એક અંશ

# ઘણા લોકો ગુરુને 'મૈયા' કહે છે હું તો તેમને 'નૈયા' કહું છું.

ગુરુ અને શિષ્યના સંબંધને કેટલાક માતા અને પુત્રના સંબંધ સાથે સરખાવે છે. અસલમાં ગુરુ અને શિષ્યનો સંબંધ તો તેથી પણ કંઈક વિશેષ છે. માતા-પુત્રનો સંબંધ છેવટે તો સ્વાર્થની ભૂમિકા ઉપર હોય છે. ગુરુ-શિષ્યનો સંબંધ પરમાર્થની ભૂમિકા ઉપર હોય છે.

હું મારા પુત્રનું પાલન-પોષણ કરૂં, મારો પુત્ર મારા ઘઢપણમાં મને સાચવશે. ઊંડે ઊંડે આ ભાવના માતાના મનમાં પડી જ હોય છે. દીકરો મોટો થશે, મારી સેવા કરશે આવો વિચાર સભાનપણે કે અભાનપણે માતાના મનમાં હોય જ. અને એમાં કંઈ ખોટું પણ નથી. માતાને હક્ક છે પુત્ર પાસે એવી અપેક્ષા રાખવાનો. એમાં કોઈથી વાંધો લઈ શકાય નહીં. અને એટલે જ એ સંબંધ ભલે ગમે તેવો પવિત્ર, ઉચ્ચ દરજ્જાનો કે મહાન હોય, પરંતુ તેમાં સ્વાર્થની છાંટ તો ભળેલી હોય જ છે. પરંતુ ગુરુ-શિષ્યના સંબંધની વાત આખી અલગ છે. કોઈ ગુરુ એવું વિચારીયે ન શકે કે મારો શિષ્ય મારી વૃદ્ધાવસ્થામાં મારી સેવા કરશે! શિષ્ય પોતાનું કર્તવ્ય બજાવે એ શિષ્યની મહાનતા થઈ, પણ ગુરુ તો એવી આશા ન જ રાખે. લોકો જ્યારે એમ કહે કે એકાદ શિષ્ય કર્યો હોય તો જતી ઉંમરે સેવા તો કરે! ભલાદમી, શિષ્ય કંઈ આ માટે કરવાનો હોય છે? જૈન શાસન સમજેલો આવું બોલી શકે ખરો? બોલવાની વાત તો દૂર, આવું તો એ વિચારે પણ નહીં. ગુરુ-શિષ્યનો સંબંધ પરમાર્થની ભૂમિકા ઉપર છે, આત્માની ભૂમિકા ઉપર છે. મારો શિષ્ય ખૂબ જલદી આત્મકલ્યાણ સાધે, તે રાગ-દ્વેષથી મુક્ત બની જાય આ ભાવના ગુરુના મનમાં હોય છે. 'મા'માં મમતા હોય, ગુરુમાં કરુણા હોય. માતાને વાત્સલ્ય હોય, ગુરુને અનુકંપા હોય. મા દૂધ પીવડાવે, ગુરુ અમૃતપાન કરાવે.

બન્ને સંબંધ પોતપોતાની જગ્યાએ મહાન છે. પરંતુ બન્નેને સરખા ગણીને વ્યવહાર કરી શકાય નહીં. માતા જોતાં શીખવે છે. ગુરુ દર્શન કરતાં શીખવે છે. માતાનાં ચરણોમાં અર્પણ હોય છે, ગુરુનાં ચરણોમાં સમર્પણ હોય છે. માતા વાણી આપે છે, ગુરુ વિચાર આપે છે. માતાને શાન્તિ આપવાની હોય છે, ગુરુને સમાધિ આપવાની હોય છે. માતાની સેવા કરવાની હોય છે. ગુરુનું વૈયાવૃત્ય કરવાનું હોય છે. સેવા અને વૈયાવૃત્ય એક નથી. શ્રવણ કરે તે સેવા છે અને નંદીષેણ કરે તે વૈયાવૃત્ય છે. સેવા કરવી સરળ છે, વૈયાવૃત્ય કરવું સરળ નથી. માતાએ જન્મ આપ્યો છે એની સભાનતા છે માટે સેવા છે. ગુરુએ જન્મ નથી આપ્યો. ગુરુ દેહદાતા નથી, તે શરીરની અપેક્ષાએ પારકા છે અને તેથી જ તેમનું વૈયાવૃત્ય છે અને એ બહુ કઠિન કાર્ય છે. માતાને ખભે ઊંચકવા માટે પ્રેમ જોઈએ, ગુરુને ખભે ઊંચકવા માટે અહંકારને ઓગાળવો પડે છે. ડોળીમાં બેસાડીને સાધુનું વહન કરનારો મજૂરી કરે છે, ઝોળીમાં બેસાડીને ગુરુનું વહન કરનારો વૈયાવૃત્ય કરે છે. એકમાં રોટલાની આશા છે, બીજામાં કલ્યાણની કામના છે.

માતા પ્રત્યે મમત્વ હોય છે, ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા હોય છે. માતાની આજ્ઞા પાળવાની હોય છે, ગુરુનો તો ઇશારો જ સમજી લેવાનો હોય છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં કેવી સરસ વાત કરી તે તમે જોયું? 'ઇંગિયાકારસંપન્ને' એમ કહ્યું! માતાના આદેશને સમજે તે પુત્ર, ગુરુના ઇશારાને સમજે તે શિષ્ય! 'ઇંગિય' એટલે ઇંગિત. ઇંગિત એટલે ઇશારો.

માતાનો સ્નેહ સંપાદન કરવો પડે છે, ગુરુની કૃપા સંપાદન કરવી પડે છે. સ્નેહને પ્રસાદી નથી કહેતા, કૃપાને પ્રસાદી કહે છે!

માતા-પુત્ર અને ગુરુ-શિષ્યના સંબંધમાં જમીન આસમાનનું અંતર છે. મા દેહને પોષે છે, ગુરુ આત્માને પોષે છે.

ગુરુ એ ગુરુમૈયા નથી એ તો ગુરુનૈયા છે! 'મા'ની યાદે આંસુ આવી શકે, ગુરુની યાદ તો અહોભાવ જગાડે છે.

ઉત્તરાધ્યયન સૂત્રને હું હંમેશાં 'ગુરુગીતા' કહું છું. ગીતા વિના ભારતની શાન નથી અને ઉત્તરાધ્યયન વિના વિશ્વની શાન નથી.

**ઉત્તરાધ્યયન સૂત્રમાં વિનીત શિષ્યના એક લક્ષણ તરીકે 'ગુરુના ઇશારાને સમજનાર' એમ કહ્યું છે.**

## એક મુનિવરની ડાયરીમાંથી

કેટલાક લોકોને રહી રહીને સનેપાત ઊપડે છે. ડફણાંનો સ્વાદ આ લોકો કેમે કરીને ભૂલી શકતા નથી. તેઓ ઇચ્છે છે કે એ પ્રસાદી એમને કાયમ મળ્યા જ કરે! એમની પ્રિય ગટર, એમનો વહાલો ઉકરડો, એમની લાડકી વિષ્ટા અને આ બધાંનું હાડોહાડ ઑબ્સેસન; એ છે એમની આગવી ઓળખ. તેઓ આપણને સરસ્વતીની પૂજા કરવાનું કહે છે પરંતુ ગમે તે કારણસર તેઓ પોતે વંતરીને પૂજતા રહે છે. આપણને તેઓ કહેશે: પીવું તો ગુલાબનું શરબત. બાકી બધું મા-બૉન બરોબર. પણ તમે જોશો તો થંભી જશો: તેઓ ફાટેલી પછેડીનાં ચાર પડ કરીને તેનાથી ગાળેલો લઠ્ઠો પીતા હશે. મોજથી. તેઓ બોલવાનું ચાલુ કરવાના હોય ત્યારે આપણે તો આદતવશ એવું જ ધાર્યું હોય કે હમણાં એમના મોંમાંથી ફૂલડાં ઝરશે. બોલે ત્યારે ખબર પડે કે અરે જીવ, આમણે તો છેવટે પોતે પીધેલો લઠ્ઠો જ આપણા કાનમાં ઑકી કાઢ્યો. આપણે એમ માનતા હોઈએ કે હમણાં તેઓ આપણી ચેતના ઝંકૃત થઈ ઊઠે એવી વીણા વગાડીને આપણને ડોલાવી મૂકશે પણ બસૂરૂં સાંભળ્યા પછી નજીક જઈને જોઈએ ત્યારે સમજણ પડે કે તૂટેલા તારવાળા તંબૂરામાંથી તો ઝંકાર ક્યાંથી પ્રગટે! આપણને એમ લાગે કે તે હમણાં આપણને સૂરજમુખીનું ગાડું ભરીને આપી દેશે. આંખો ખોલીને જોશું ત્યારે ખબર પડશે કે તેઓ તો આપણને ધંતૂરો બઝાડીને જતા રહ્યા. ન સૂંઘી શકાય, ન ભગવાનને ચડાવી શકાય! એમનો રંગ જોઈને આપણે તો સરળતાવશ એવું જ ધાર્યું હોય કે પીળું એટલું બધું સોનું, પણ એમને જોયા પછી ખબર પડે કે તેઓ તો એ પીળો પદારથ છે જેનું તેઓ ખાસ વળગણ ધરાવે છે! આપણને તેઓ કહેશે : તમારા પગને મંદિર તરફ વાળો. પછી આપણને ક્યાંકથી સમાચાર મળશે કે તેઓ તો પોતાની દોસ્ત ત્રિપુટી સાથે કોઠામાં પહોંચી ગયા છે! તેઓ દરરોજ આપણને ઉપદેશ આપશે કે કચરામાં શું હાથ નાખો છો, મહાસાગરનાં મોતી વીણો મોતી. અને એક દિવસ છાપામાં સમાચાર વાંચીને આપણે બેભાન થઈ જઈએ છીએ કે મહાસાગરની વાતો કરનારો એક બહુરૂપિયો એક ખાબોચિયામાંથી પીધેલી હાલતમાં ઊંધા માથે પટકાયેલો મળી આવ્યો છે અને તેને સારવાર માટે દવાખાનામાં લઈ જવાયો છે. આપણે ઇચ્છીએ કે તેની સારવાર કરનારા ડૉક્ટરને જશ મળે.

– આનંદમૂર્તિ

# જય જિનેન્દ્રની આગામી સાલગીરીની અનોખી ઉજવણી

## ‘જૈન ઇતહાસના તેજસ્વી તારલા’ પરીક્ષામાં ભાગ લો અને ફરી એકવાર જીતો સમ્મેતશિખરજીની યાત્રાનું ભવ્ય ઇનામ!

જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલી જૈનધર્મના જનરલ નૉલેજની પરીક્ષાને મળેલી અભૂતપૂર્વ અને યશસ્વી સફળતા પછી લોકલાગણીને માન આપીને અમે ફરીથી એક રસપ્રદ પ્રશ્નપત્ર આપની સમક્ષ પેશ કરવા ધાર્યું હતું. જેની જાહેરાત આપ છેલ્લા બે અંકથી જય જિનેન્દ્રમાં જોઈ રહ્યા છો. અમારા આગામી પ્રશ્નપત્રનો વિષય છે : ‘જૈન ઇતિહાસના તેજસ્વી તારલા.’ જય જિનેન્દ્ર આગામી અંકે તેના ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. એ વર્ષગાંઠ પર્વની ઉજવણી નિમિત્તે અમે આગામી અંક સાથે વાચકોને વિના મૂલ્યે આ પરીક્ષાનું પેપર મોકલાવીશું (જય જિનેન્દ્રના સદસ્ય ન હોય તેવા પુણ્યવાનો પાંચ રૂપિયાનું મૂલ્ય ભરીને પ્રશ્નપત્ર મેળવી શકશે). પરીક્ષા સંબંધિત નિયમાવલિ અમે તેમાં જ પ્રકાશિત કરવાના છીએ. બંપર ઇનામ તરીકે રહેશે : વાઉ! સમ્મેતશિખરજીની યાત્રા! વહાલા પરીક્ષાર્થીઓ, આ વખતે કોઈ કસર છોડશો નહીં! દુનિયાને બતાવી દો કે જૈનો અઘરામાં અઘરી ચેલેન્જો ઉપાડી શકે છે!

## આ છે અમારા તરફથી અપાનારાં ભવ્ય ઇનામો :

**પ્રથમ બંપર ઇનામ :** વીસ જિનવરેન્દ્રોની નિર્વાણભૂમિ સમ્મેતશિખરજી મહાતીર્થની યાત્રા

સમ્મેતશિખરજીની યાત્રા માટે સોએ સો ટકા લાવવા ફરજિયાત છે. એકથી વધુ વિજેતા હશે તો ડ્રૉ દ્વારા ઇનામ જાહેર કરવામાં આવશે.

**બીજું ઇનામ :** મહાપ્રભાવિક મહાચમત્કારી ગોલ્ડપ્લેટેડ લક્ષ્મીધારા યંત્ર – મનમોહક ફ્રેમ સાથે (ઇનામની સંખ્યા દસ)
(ગઈ વખતે આ ઇનામોની સંખ્યા ત્રણ હતી, આ વખતે દસ છે.) આ યંત્રનું ફ્રેમ સાથેનું મૂલ્ય ૧૮૦૦ રૂપિયા છે.

**ત્રીજું ઇનામ :** ૨૩૦ રૂપિયાના મૂલ્યની સ્ફટિક રત્નની નવકારવાળી. (એકાવન ઇનામો)

**નોંધ :** આ ઇનામો ટ્રાન્સફરેબલ નથી તેમ જ ઇનામોના રૂપાન્તર તરીકે રોકડ પણ આપવામાં આવશે નહીં.

**અસંખ્ય પરીક્ષાર્થીઓની મનોભાવનાને માન આપીને આ વખતે ‘માઇનસ માર્ક’નો નિયમ પડતો મૂકવામાં આવ્યો છે. એનો અર્થ એ કે આ વખતે જેટલા જવાબો ખોટા હશે એટલા જ માર્ક કપાશે! ડબલ માર્ક કપાશે નહીં!**

---

# ‘એક ડાળનાં પંખી’ નિબંધસ્પર્ધામાં ભાગ લેનારા પુણ્યવાનોની જાણ માટે

જય જિનેન્દ્ર દ્વારા નિબંધસ્પર્ધામાં ભાગ લેવાનું જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધાને ન ધાર્યો હોય તેવો પ્રતિભાવ મળી રહ્યો છે અને અમારા કાર્યાલય ઉપર નિબંધોનો ખડકલો થઈ રહ્યો છે. સમાજ જાગે છે ત્યારે સિંહનું ચામડું ઓઢીને સમાજમાં ફરતાં શિયાળવાં દૂમ દબાવીને ભાગે છે. એ વાત પૂરવાર થઈ રહી છે. ‘એક ડાળનાં પંખી’ નિબંધસ્પર્ધામાં ભાગ લેનારા પુણ્યવાનોને વિનંતી છે કે તેમણે પરિણામ જાણવા માટે થોડી ધીરજ ધરવાની રહેશે. અમારૂં કાર્યાલય અત્યારે અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે. આગામી એપ્રિલ માસના અંકથી અમે ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. અમારો આગામી અંક ભગવતી પદ્માવતી માતાજીના વિશેષાંક તરીકે પ્રગટ થવાનો છે એની તૈયારીઓ કરવાની છે. જય જિનેન્દ્ર દ્વારા યોજાતી જૈન ધર્મની વિવિધ પરીક્ષાઓના એક ભાગરૂપે અમારે આગામી મહિને નવું પ્રશ્નપત્ર પણ રિલિઝ કરવાનું છે. તે પછી અમે નિબંધોને હાથ લગાડીશું. નિબંધસ્પર્ધામાં ભાગ લેનારા દરેકને ખૂબ ખૂબ ધન્યવાદ સાથે જાણકારીના હેતુથી અમે આ અંક મોકલી રહ્યા છીએ. પહેલાં અમે મે, ૨૦૦૪ના જય જિનેન્દ્રમાં નિબંધની સમીક્ષા, પરિણામ અને લાગતી વળગતી બાબતોનો સમાવેશ કરવાનું વિચાર્યું હતું પરંતુ અમારી ધારણા બહાર ગુજરાતની જાગ્રત પ્રજાએ જે હોંશથી અને જે સંખ્યામાં ‘એક ડાળનાં પંખી’ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો છે તે જોતાં એમ લાગે છે કે અમે હવે આ અંગેનું પરિણામ જૂન, ૨૦૦૪ના અંકમાં જ પ્રગટ કરી શકીશું. આશા છે કે ગુજરાતની પ્રબુદ્ધ જનતા ત્યાં સુધી ધીરજ રાખશે. છેલ્લે આ સ્પર્ધામાં ભાગ લેવા બદલ આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. ગુજરાતની અઢારે આલમ અમારા આ યજ્ઞમાં જોડાઈ તેથી અમે ખૂબ ધન્ય બન્યા છીએ.

---

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**
એક બદમાશ અને એક ઠગ. બેમાંથી કોઈ એકને પસંદ કરવાની આઝાદી એનું નામ ઇલેકશન!

●

**સ્પંદન**
ખુદી કો કર બુલંદ ઇતના કિ હર તદબીર સે પહલે;
ખુદા બંદે સે ખુદ પૂછે : ’બતા તેરી રજા ક્યા હૈ.’

●

**ના હોય!**
‘તમે અમને આ દાનનો ચેક તો આપ્યો પણ એમાં તમે સહી તો કરી જ નથી.’
‘એમાં એવું છે ને કે હું તો હંમેશાં ગુપ્તદાનમાં જ માનું છું!’

## !! अहो कार्टुनम्



*“હું તો આ દુનિયાથી કંટાળી ગયો છું. મેં નક્કી કર્યું છે કે હું આવતા ભવે ગધેડો બનીશ.”*

*“તને ખબર નથી લાગતી કે એકનો એક અવતાર ઉપરાઉપર બીજીવાર નથી મળતો!”*



Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380 051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004